# Fifth Round of India-Azerbaijan Foreign Office Consultations (November 28, 2022)

# ભારત-અઝરબૈઝાન વિદેશ કચેરીનાં પરામર્શોનો પાંચમો રાઉન્ડ (28 નવેમ્બર, 2022)

29 નવેમ્બર, 2022

નવી દિલ્હીમાં 28 નવેમ્બર 2022 નાં રોજ ભારત-અઝરબૈઝાન વિદેશ કચેરીનાં પરામર્શોનો પાંચમો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. ભારતીય પ્રતિનિધિ મંડળની આગેવાની સચિવ (પશ્ચિમ) શ્રી સંજય વર્મા દ્વારા કરવામાં આવી હતી. અઝરબૈઝાનનાં પ્રતિનિધિ મંડળની આગેવાની અઝરબૈઝાનનાં નાયબ વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન ઈલનુર મામાદોવ દ્વારા કરવામાં આવી હતી. 4થા વિદેશ કચેરીનાં પરામર્શો 29 જુલાઈ 2016 નાં રોજ બાકુ ખાતે યોજવામાં આવ્યા હતા.

બન્ને પક્ષોએ રાજકીય, વ્યાપારી અને આર્થિક, રાજદ્વારી, સંસ્કૃતિ અને શિક્ષણની બાબતો સહિત ભારત-અઝરબૈઝાન દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા કરી હતી. પ્રાંતિય મુદ્દાઓ અને સંયુક્ત રાષ્ટ્ર તેમજ અન્ય બહુપક્ષીય સત્તાઓમાં સહકાર પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન પણ કરવામાં આવ્યું હતું.

આ વર્ષે ભારત અને અઝરબૈઝાન તેઓનાં રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 30મી વર્ષગાંઠ મનાવી રહ્યા છે. 1991 માં અઝરબૈઝાનની સ્વતંત્રતાને સ્વિકારનાર સૌપ્રથમ દેશો પૈકી ભારત હતો.

બન્ને દેશોએ ખાસ કરીને વ્યાપાર, વાણિજ્ય અને ઊર્જા ક્ષેત્રોમાં સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકારની સફળતાપૂર્વક તબદીલી કરી છે. દ્વિપક્ષીય વ્યાપારમાં અનેકગણો વધારો થયો છે અને આજે 1 બિલિયન ડોલર આસપાસ છે (જાન્યુઆરી-સપ્ટેમ્બર 2022). અઝરબૈઝાન ભારતમાં કાચા તેલનાં મહત્વનાં સપ્લાયર તરીકે ઉભરી રહ્યું છે. અઝરબૈઝાનનાં હાયડ્રોકાર્બન ક્ષેત્રમાં ઓએનજીસી વિદેશ લિમિટેડ નોંધપાત્ર હિતો ધરાવે છે.

અઝરબૈઝાનમાં આશરે 1400 ભારતીયો વસવાટ કરે છે. અઝરબૈઝાન વધતી સંખ્યામાં ભારતીય પ્રવાસીઓને પણ આકર્ષી રહ્યું છે.

**નવી દિલ્હી**
**28 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.